**રાજ્યના આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ માટે પાવર ટીલર સહાય યોજના બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક: VKY-2022-217-N.I.-11-P,**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૫/૦૭/૨૦૨૨નો સમાનાંકી ઠરાવ.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૯/૨૦૨૩નો સમાનાંકી સુધારા ઠરાવ.

**પ્રસ્તાવના:**

આદિજાતિ વિકાસ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરનાઠરાવથી રાજ્યના આદિજાતિ ખેડૂત લાભાર્થી માટે પાવર ટીલર સહાય યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી, જેની શરત નં.(૧૩)માં ઉક્ત વંચાણે લીધા ક્રમાંક(૨)ના ઠરાવથી સુધારો કરેલ છે.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની સમાન પ્રકારની યોજના - મુખ્યમંત્રી યાંત્રિકીકરણ યોજનાના**વખતોવખતના ઠરાવની** શરતો અને બોલીઓ અન્વયે આ પાવર ટીલર યોજનાનું અમલીકરણ થતું હોઈ, તે મુજબનો સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગનો ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨) પરનો ઠરાવ આથી રદ્દ કરવામાં આવે છે તથા આ યોજનાના તા.૦૫/૦૭/૨૦૨૨ના મૂળ ઠરાવમાં શરત નં.(૧૩)ના સ્થાને નીચે મુજબની શરત આમેજ કરવામાં આવે છે:-

**"(૧૩)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની સમાન પ્રકારની યોજના - મુખ્યમંત્રીયાંત્રિકીકરણ યોજનાના વખતોવખતના ઠરાવની શરતો અને બોલીઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. "**

આ વિભાગના તા.૦૫/૦૭/૨૦૨૨ના ઠરાવની અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Oct-2024 (12:44 PM)

**(દિશા પટેલ)**

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (કૃષિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી(આ.વિ.) કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર:૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી (ખેતી), ખેતી નિયામકની કચેરી, કૃષિ ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.